દિવાની પરચુરણ અરજી નં.૦૫/૨૦૨૫

–: આંક–૧ લગત હુકમ :–

(૧).**અરજીની ટુંકમાં હકીકત:–** હાલની અરજી અરજદાર **બાની મારખીભાઈ પરબતભાઈ** દ્વારા ઈન્ડીયન સકશેસન એકટની કલમ–૩૭૨ થી તથા ૩૭૪ ની જોગવાઈઓ મુજબ સકસેશન સર્ટીફીકેટ મેળવવા માટે દાખલ કરેલ છે અને તેઓએ અરજીમાં જણાવેલ છે કે, તેમના પિતા પરબતભાઈ દેવાણંદભાઈ બાનીનું **તા.૨૯/૧૧/૨૦૨૨** નાં રોજ ભોળદર મુકામે અવસાન થયેલ છે અને તેમના ગુજરનાર પિતાએ તેમની હૈયાતીમાં તેમની સ્વપાર્જીત આવકમાંથી નીચે મુજબની મિલકત ખરીદ કરેલી અને તેમની સ્વપાર્જીત મિલકતની વિગત નીચે મુજબ રહેલી છે,

૧) પોરબંદર જીલ્લા સબ. ડીવી રાણાવાવ તાલુકા તાબાના રાણાવાવ શહેરમાં ખાખરીયા નાગદેવતાના સ્થાનકની સામે સ્ટેશન રોડ તરફ જતા રસ્તાની પશ્ચિમે આવેલ સને–૧૯૪૬–૪૭ ના લેખ રજી.નં.૨૪ પૈકી વિભાજન પ્લાનમાં દર્શાવેલ પરેશ નગરના નામે ઓળખાતી જમીનમાં પાડેલ પ્લોટસ પૈકી પ્લોટ નં.૫૧ની જમીન ચો.વાર ૨૪૮–૭૭ જેના ચો.મી.૨૦૮–૦૦ પૈકી વિભાજન પ્લાન તથા બાંધકામ પ્લાનમાં દર્શાવેલ ગ્રાઉન્ડ ફલોર ઉપર બાંધવામાં આવેલ દુકાન નં.૧ થી ૫ ની ઉપર ફર્સ્ટ ફલોર પર બાંધવામાં આવેલ પુર્વ તરફના દરવાજાવાળી દુકાનો પૈકી ઉતર તરફથી બીજી દુકાન(ગ્રાઉન્ડ ફલોર ની દુકાન નં.ડી–૪ની ઉપરની)જેની જમીન ચો.મી.૧૭–૮૬ નીચેની ચર્તુઃસીમા વાળી આવેલ છે.

:– ચર્તુઃસીમા :–

પુર્વ :– હૈયાત ગામમાં જવાનો રસ્તો આવેલ છે.

પશ્ચિમ:– આ મિલકતમાં આવવા–જવાની મજમુ સીડી તથા ગોડાઉન છે જેની વચ્ચેની દિવાલ મજમુ છે.

ઉતરે:– આ મિલકત પૈકીની તમોએ અમારી પાસેથી ખરીદ કરેલ દુકાન આવેલ છે.જેની દિવાલ મજમુ છે.

દક્ષિણ:– આ મિલકત પૈકીની દુકાન આવેલ છે જેની વચ્ચે દિવાલ મજમુ છે.

(૨) પોરબંદર જિલ્લા સબ. ડીવી રાણાવાવ તાલુકા તાબાના રાણાવાવ શહેરમાં ખાખરીયા નાગદેવતાના સ્થાનકની સામે સ્ટેશન રોડ તરફ જતા રસ્તાની પશ્ચિમે આવેલ સને–૧૯૪૬–૪૭ ના લેખ રજી.નં.૨૪ પૈકી વિભાજન પ્લાનમાં દર્શાવેલ પરેશ નગરના નામે ઓળખાતી જમીનમાં પાડેલ પ્લોટસ પૈકી પ્લોટ નં.૫૧ની જમીન ચો.વાર ૨૪૮–૭૭ જેના ચો.મી.૨૦૮–૦૦ પૈકી વિભાજન પ્લાન તથા બાંધકામ પ્લાનમાં દર્શાવેલ ગ્રાઉન્ડ ફલોર ઉપર બાંધવામાં આવેલ દુકાન નં.૧ થી ૫ ની ઉપર ફર્સ્ટ ફલોર પર બાંધવામાં આવેલ પુર્વ તરફના દરવાજાવાળી દુકાનો પૈકી ઉતર તરફથી પ્રથમ દુકાન જેની જમીન ચો.મી.૨૦–૪૪ નીચેની ચર્તુઃસીમા વાળી આવેલ છે

::– ચર્તુઃસીમા ::–

પુર્વ:– હૈયાત ગામમાં જવાનો રસ્તો આવેલ છે.

પશ્ચિમ:– આ મિલકતની આવવા જવાની મજમુ સીડી તથા ગોડાઉન છે જેની વચ્ચેની દિવાલ મજમુ છે.

ઉતરે:– ૭–૫૦નો પહોળાઈનો રસ્તો આવેલ છે.

દક્ષિણ:– આ મિલકત પૈકીની દુકાન આવેલ છે જેની વચ્ચે દિવાલ મજમુ છે.

(૩) પોરબંદર જિલ્લા સબ. ડીવી રાણાવાવ તાલુકા તાબાના રાણાવાવ શહેરમાં ખાખરીયા નાગદેવતાના સ્થાનકની સામે સ્ટેશન રોડ તરફ જતા રસ્તાની પશ્ચિમે આવેલ સને–૧૯૪૬–૪૭ ના લેખ રજી.નં.૨૪ પૈકી વિભાજન પ્લાનમાં દર્શાવેલ પરેશ નગરના નામે ઓળખાતી જમીનમાં પાડેલ પ્લોટસ પૈકી પ્લોટ નં.૫૧/પી–ઈ ની જમીન ચો.વાર ૨૪૮–૭૭ જેના ચો.મી.૨૦૮–૦૦ પૈકી

વિભાજન પ્લાન તથા બાંધકામ પ્લાનમાં દર્શાવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૫ જેની જમીન ચો.મી. ૨૦–૪૪ તથા આગળની માલીકીની ખુલ્લી જમીન ચો.મી.૧–૦૪મળી કુલ જમીન ચો.મી.૨૧/૪૮ વાળી ગ્રાઉન્ડ ફલોરની દુકાન નીચેની તથા ચર્તુઃસીમા વાળી આવેલ છે.

::– ચર્તુઃસીમા ::–

પુર્વ :– હૈયાત ગામમાં જવાનો રસ્તો આવેલ છે.

પશ્ચિમ:– આ મિલકતનો બાકીનો ભાગ જેની વચ્ચે દિવાલ મજમુ છે.

ઉતરે :– ૭–૫૦નો પહોળાઈનો રસ્તો આવેલ છે.

દક્ષિણ:– આ મિલકત પૈકીની દુકાન નં.૪ આવેલ છે જેની વચ્ચે દિવાલ મજમુ છે.

(૪) પોરબંદર જિલ્લા સબ. ડીવી રાણાવાવ તાલુકા તાબાના રાણાવાવ શહેરમાં ખાખરીયા નાગદેવતાના સ્થાનકની સામે પોરબંદર થી કંડોરણા તરફ જતા રસ્તાની ઉતરે આવેલ લેખ રજીસ્ટર નં.૨૪ સને ૧૯૪૬–૪૭ પૈકી વિભાજન પ્લાનમાં દર્શાવેલ પ્લોટ નં.૬૭ ચો.મી.૨૩૧–૦૦ પૈકી દક્ષિણ તરફનો ભાગ જમીન ચો.મી. ૨૫–૬૩ કે જે પરેશનગર તરીકે ઓળખાય છે તે જગ્યા ઉપર બાંધવામાં આવેલ દુકાન આકાશી હકક સાથેની કે જે માં તેમનો ૫૦ ટકા હિસ્સો રહેલ છે જે નીચેની ચર્તુઃસીમા વાળી આવેલ છે.

:– ચર્તુઃસીમા :–

પુર્વ :– આ મિલકત પૈકીનો ભાગ આવેલ છે.

પશ્ચિમ:– આ મિલકત પૈકીનો ભાગ આવેલ છે.

ઉતરે:– આ મિલકત પૈકીનો ભાગ આવેલ છે.

દક્ષિણ:– રસ્તો આવેલ છે.

(૫) પોરબંદર જિલ્લા સબ. ડીવી રાણાવાવ તાલુકા તાબાના રાણાવાવ શહેરમાં ખાખરીયા નાગદેવતાના સ્થાનકની સામે પોરબંદર થી કંડોરણા તરફ જતા રસ્તાની ઉતરે આવેલ લેખ રજીસ્ટર નં.૨૪ સને ૧૯૪૬–૪૭ પૈકી વિભાજન

પ્લાનમાં દર્શાવેલ પ્લોટ નં.૬૭ ચો.મી.૨૩૧-૦૦ પૈકી દક્ષિણ તરફ પુર્વ કાટખુણાનો ભાગ જમીન ચો.મી. ૨૫-૬૩ કે જે પરેશનગર તરીકે ઓળખાય છે તે જગ્યા ઉપર બાંધવામાં આવેલ દુકાન આકાશી હકક સાથેની કે જે માં તેમનો ૫૦ ટકા હિસ્સો રહેલ છે જે નીચેની ચર્તુ સીમા વાળી આવેલ છે.

::- ચર્તુઃસીમા :-

પુર્વ :- પ્લોટ નં.૬૮ આવેલ છે.

પશ્ચિમ:- આ મિલકત પૈકીનો ભાગ આવેલ છે.

ઉતરે:- આ મિલકત પૈકીનો ભાગ આવેલ છે.

દક્ષિણ:- રસ્તો આવેલ છે.

અરજદારના ગુજરનાર પિતા **પરબતભાઈ દેવાણંદભાઈ બાની** અરજદાર સાથે જ રહેતા હતા અને તેઓ જ તેમની સાર-સંભાળ કરતા હતા અને તે સંજોગો માં અરજદારના ગુજ.પિતાએ તેમની હૈયાતીમાં ઉપરોકત પેરામાં જણાવેલ તેમના નામની મિલકતના અરજદારને વારસ ઠરાવેલ છે અને તે મુજબ અરજદાર ને તેમના ગુજરનાર પિતાની ઉપરોકત મિલકતો તેના નામે રેવન્યુ રેકર્ડમાં ચડાવવા ની હોય અને માટે નામદાર કોર્ટના હુકમની જરૂરત હોય, જેથી નામદાર કોર્ટમાંથી સકસેશન સર્ટીફીકેટ મેળવવા માટે હાલની અરજી કરેલ છે. જેથી હાલની અરજી લાવી અરજી સાથેના શેડયુલ 'એ' માં જણાવેલ મિલકતો મેળવવા તથા રેવન્યુ રેકર્ડમાં અરજદારના નામે ચડાવવા તેઓ હકકદાર છે તેવુ સકસેશન સર્ટીફીકેટ અરજદારના નામનુ ઈસ્યુ કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૨). અરજદારની સદરહુ અરજી આવતા તા.૦૯-૦૯-૨૦૨૫ ના રોજની મુદત નીમી અને સદરહું અરજીમાં જણાવવામાં આવેલ વારસા સર્ટીફીકેટ બાબતેનું જાહેરનામુ દૈનીક ન્યુઝપેપરમાં છપાવવાનો હુકમ કરવામાં આવેલો તથા સદરહુ ન્યુઝપેપરમાં છાપવામાં આવેલુ જાહેરનામુ આ કામે **આંક-૧૯** થી રજુ

છે અને જાહેરનામામાં જણાવેલ નિયત સમય મર્યાદામાં અરજદારની સદરહુ અરજી સામે કોઈ વાંધાઓ રજુ થયેલા નથી જે હકીકતો ધ્યાને લીધેલ છે સદરહુ અરજી બાબતેના વારસા સર્ટીફીકેટનું જાહેરનામાનુ પેપર આ કામમાં સામેલ છે તે ધ્યાને લીધેલ છે.

(૩).પુરાવો :– આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

–:: મૌખિક પુરાવો ::–

ક્રમ	આંક	દસ્તાવેજની વિગત
(૧)	૦૯	અરજદાર મારખીભાઈ પરબતભાઈ બાનીનું સરતપાસનું સોગંદનામુ

–:: દસ્તાવેજી પુરાવો ::–

ક્રમ	આંક	દસ્તાવેજની વિગત
(૧)	આંક–૧૧ થી ૧૫	અરજદારના પિતાના નામની દુકાનના દસ્તાવેજની ઝેરોક્ષ નકલ
(૨)	૧૬	અરજદારના પિતાના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ
(૩)	૧૭	અરજદારના માતાના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ
(૪)	૧૮	અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ
(૫)	૧૯	દૈનિક વર્તમાનપત્ર આજકાલની સ્થળપ્રત
(૬)	૨૦	ગ્રામ પંચાયત ભોડદરનું પંચરોજકામ (પેઢીનામુ) તથા રૂબરૂ જવાબની ઝેરોક્ષ નકલ

(૪). ત્યારબાદ અરજદાર તરફે **આંક–૨૧** થી વધુ કોઈ પુરાવો રજુ કરવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ કામમાં રજુ કરેલ છે.

(૫). વધુમાં, આ કામે **આંક–૦૯** થી અરજદારમારખીભાઈ પરબતભાઈ બાની દ્વારા સરતપાસનું સોગંદનામું રજુ કરેલુ છે જે સરતપાસનાં સોગંદનામાંમાં તેઓ પોતાની આંક–૦૧ ની અરજીની હકીકતોને વળગી રહી પુરાવો રજુ કરી રહયા છે આ તમામ હકીકતો આગળ ઉપર વિગતવાર જણાવેલી હોવાથી તેનુ પુનરાવર્તન અટકાવવા વર્ણન કરેલ નથી.

(૬). આમ, ઉપરોકત મુજબનાં મૌખીક પુરાવાની સાથે અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈએ તો, **આંક–૧૧** થી **આંક–૧૫** સુધી રજુ અરજદારના પિતાએ ખરીદ કરેલ દુકાનના વેંચાણ દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ રજુ છે, જે વંચાણે લેતાં અરજદારના પિતાએ પોરબંદર જીલ્લાના રાણાવાવ તાલુકાના રાણાવાવ શહેરમાં મિલકતો ખરીદ કરેલ હોવાનું અને અરજદારના પિતાના નામે સદરહુ મિલકતો રેવન્યુ રેકર્ડમાં આવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં, અરજદાર તરફે **આંક–૧૬** થી અરજદારના પિતા પરબતભાઈ દેવાણંદભાઈનું મરણ પ્રમાણપત્ર રજુ છે, જે વંચાણે લેતાં અરજદારના પિતાનું **તા.૨૯/૧૧/૨૦૨૨** નાં રોજ ભોડદર મુકામે અવસાન થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં, અરજદાર તરફે **આંક–૧૭** થી અરજદારના માતૃશ્રી તથા આંક–૧૮ થી અરજદારનાં આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે. વધુમાં, અરજદાર તરફે **આંક–૨૦** થી ગ્રામ પંચાયત ભોડદરનું પંચરોજકામ (પેઢીનામુ) તથા રૂબરૂ જવાબની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે, જે વંચાણે લેતાં અરજદાર તથા તેમની માતા સિવાય અન્ય કોઈ મૈયત વારસદાર અરજદારના પિતાના રહેલ નથી, તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે.

(૭). આમ, અરજદારની અરજી તથા અરજદાર તરફે રજુ થયેલ અરજદારનુ સોગંદનામુ, અરજદાર તરફે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજો તથા

પેઢીનામુ તેમજ આ કામે ન્યુઝપેપરમાં છાપવામાં આવેલુ જાહેરનામુ **આંક–૧૯** થી રજુ છે અને જાહેરનામામાં જણાવેલ નિયત સમય મર્યાદામાં અરજદારની સદરહુ અરજી સામે કોઈ વાંધાઓ રજુ થયેલા નથી જે હકીકતો ધ્યાને લેતાં, અરજદારની હાલની મંજુર થવા પાત્ર જણાતી હોય, અરજદારની અરજી પરત્વે ત્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) ગુજરનાર પરબતભાઈ દેવાણંદભાઈ બાનીના કાયદેસરના વારસદાર હાલના અરજદાર મારખીભાઈ પરબતભાઈ બાનીના હોવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૩) અરજદારે નિયમાનુસારની કોર્ટ ફી રજુ કર્યેથી નિયત નમુનાનું તેમની અરજી સાથેના **શેડયુલ ''એ''** માં જણાવ્યા મુજબની ગુજરનાર **પરબતભાઈ દેવાણંદભાઈ મારખી** નામે મિલકતો આવેલ તે મેળવવા અરજદાર હકકદાર છે, તેવુ અરજદાર **મારખીભાઈ પરબતભાઈ બાનીના** નામનું સકસેશન સર્ટીફીકેટ કાઢી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૮મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૮–૦૩–૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

(નારાયણ લાલ શર્મા)
(CODE No. GJ 01439)
પ્રિન્સીપાલ સીવીલ જજ,રાણાવાવ